**ઙ્ઞ પ્રેસ નોટ ઙ્ઞ** **તા.૨૬/૦૫/૨૦૨૩**

**બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ (IMFL)ની કુલ બોટલ નંગ- ૨૭૬ કિ.રૂ.૭૯,૭૬૪/- ની હેરફેર કરતા એક ઇસમને વાહન સહિત કુલ કિં.રૂ.૫,૮૯,૭૬૪/- નાં મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓને** ગુજરાત રાજયમાં દારૂ/જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા ખાસ પ્રોહીબીશન/જુગાર ડ્રાઇવનું આયોજન કરેલ હોય, **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમિયાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમિયાન અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ગઇ કાલ તા.૨૫/૦૫/૨૦૨૩ નાં રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક બ્રેજા કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી રાણપર ગામ તરફથી આવે છે, જે બાતમી આધારે એલ.સી.બી.ટીમ વોચમાં રહી, એક ઇસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો, મોબાઇલ ફોન તથા ફોર વ્હીલ કાર સાથે ઝડપી લઇ પકડાયેલ ઇસમ તથા મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➪ **પકડાયેલ આરોપીઓઃ-**

છત્રજીત ધીરૂભાઇ વાળા, ઉ.વ.૨૮, રહે.રાણપર, તા.બાબરા, જિ.અમરેલી.

➪ **પકડવાના બાકી આરોપીઓઃ-**

વિજય રવુભાઇ બોરીચા, રહે.રાયપર, તા.ગઢડા, જિ.બોટાદ.

➪ **પકડાયેલ મુદ્દામાલઃ-**

ભારતીય બનાવટની વિદેશી દારૂની મેકડોવેલ્સ નંબર- ૧, કલેકશન વ્હીસ્કી ઓરીજનલની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૨૭૬ કિ.રૂ.૭૯,૭૬૪/- તથા એક મારૂતિ સુઝુકી બ્રેજા કાર નંબર પ્લેટ વગરની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન જેની કિ.રૂ.૧૦,૦૦૦/- મળી **કુલ કિ.રૂ. ૫,૮૯,૭૬૪/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. યુવરાજસિંહ રાઠોડ, જાવેદભાઇ ચૌહાણ** તથા **હેડ કોન્સ. આદિત્યભાઇ બાબરીયા, કિશનભાઇ આસોદરીયા, નિકુલસિંહ રાઠોડ,** તથા **પો કોન્સ. રાહુલભાઇ ઢાપા, તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.

**ଔ પ્રેસ નોટ ॐ** <u>તા.૨૯/૦૫/૨૦૨૩</u>

## <u>લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ (IMFL)ની કુલ બોટલ નંગ- ૩૨૪ કિ.રૂ.૯૩,૬૩૬/- ની હેરફેર કરતા વાહન સહિત કુલ કિં.રૂ.૩,૯૩,૬૩૬/- નો મુદ્દામાલ પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓને** ગુજરાત રાજયમાં દારૂ/જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા ખાસ પ્રોહીબીશન/જુગાર ડ્રાઇવનું આયોજન કરેલ હોય, **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમિયાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમિયાન અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૨૯/૦૫/૨૦૨૩ નાં રોજ લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક સ્વીફ્ટ કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી ચાવંડ ગામથી લાઠી તરફથી આવે છે જે બાતમી આધારે વોચમાં હોય તે દરમિયાન હકિકત વાળી સ્વીફ્ટ કાર આવતા જેને રોકવા પ્રયાસ કરતા, સ્વીફ્ટ કાર ચાલક આગળ રોડ ઉપર કાર ઉભી રાખેલ, જે કારમાં જોતા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવેલ, જે પકડાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો તથા વાહન સહિતનો મુદ્દામાલ લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડવાના બાકી આરોપીઃ-</u>**

કિશોર ગભરૂભાઇ વાળા, રહે.ચલાલા, તા.ધારી, જિ.અમરેલી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

ભારતીય બનાવટની વિદેશી દારૂની મેકડોવેલ્સ નંબર- ૧, કલેકશન વ્હીસ્કી ઓરીજનલની ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ–૩૨૪ કિ.રૂ.૯૩,૬૩૬/- તથા એક મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર રજી. નંબર જી.જે.૧૬.બી.બી.૪૬૫૯ કિ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી **કુલ કિ.રૂ. ૩,૯૩,૬૩૬/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ. જીગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, જાવેદભાઇ ચૌહાણ** તથા **હેડ કોન્સ. મનીષભાઇ જાની, આદિત્યભાઇ બાબરીયા, કિશનભાઇ આસોદરીયા,** તથા **પો કોન્સ. તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.